Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com

ISSN : 2321- 4708
July 2019, Year - 3 (39)
Paper ID : RRJ000048

# ગ્રામીણ વિકાસની જરૂરિયાત અને અગત્યતા

સંશોધક
માલતી. એ. પરમાર

---

ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ ગ્રામીણ અર્થતંત્રમાં છે અને વિકાસની ચાવીઓચાવીઓ ગામડામાં જીવે છે. ૧૦૨.૭૦ કરોડની વસ્તીમાંથી ૭૨.૨૨ ટકા વસ્તી ગામડામાં રહે છે. ગ્રામીણ પ્રજાનું પ્રભુત્વ દેશના માનવમૂડીમાં જોવા મળે છે. ભારતમાં આઝાદી બાદ આયોજનના સમયમાં જ્યારે ગ્રામીણ વિકાસની પ્રક્રિયા સક્રિય રીતે શરૂ થઈ ત્યારે ભારતીય ગ્રામ્ય જીવનમાં અનેક કક્ષાએ સાનુકૂળ અસરો થવા લાગી. સરકારશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલ ગ્રામીણ વિકાસના કાર્યક્રમોની રચનાત્મક ભૂમિકાને પરિણામે આપણા દેશમાં ગ્રામીણ વિકાસનું મહત્વ વધી જાય છે. ગામડાઓમાં બેંક, વિમાબેંક, બજાર, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, સિંચાઈનું પાણી, પીવાનું પાણી, વીજળી વગેરે સેવાઓનો વિકાસ થવાથી દેશના આર્થિક વિકાસમાં ગ્રામીણ લોકોની ભાગીદારી વધી જાય છે. ભારતીય અર્થતંત્રમાં ગ્રામીણ વિકાસનું મહત્વ, અગત્યતા કે જરૂરિયાત નીચેનીનીચેની દ્રષ્ટિએ આંકી શકાય તેમ છે.

## ૧. ગ્રામીણ લોકોનું જીવનધોરણ સુધારવા

ગ્રામીણ લોકોનું જીવનધોરણ ખૂબ નીચુ અને ઉતરતી કક્ષાનું જોવા મળે છે. મોટાભાગના લોકો ખેતી કરતા હોવા છતાં પૂરતું પોષણ મળતુ નથી, પશુપાલનનો ધંધો કરવા છતાં પૂરતું દુધ તેઓને મળી શકતું નથી. કુવાઓનું ખોદકામ કરે છે. પરંતુ પીવાનું પાણી મેળવવા માટે વલખા મારવા પડે છે અને દૂર-દૂરના વિસ્તારમાં પાણી લેવા જવું પડે છે. ગ્રામીણ ખેડૂતો, ખેતમજૂરો, કારીગરો અને પછાત જાતિના લોકોનું જીવનધોરણ ઘણું જ નીચુ જોવા મળે છે. અલ્પ વેતન અને વેતનના નીચા દર, શ્રમિકોને મળે છે. આ સમગ્ર સમસ્યાઓનો રામબાણ ઈલાજ ગ્રામીણ વિકાસમાં રહેલો છે. ગ્રામીણ વિકાસ થતાં રોજગારીમાં, કૃષિ ઉત્પાદનમાં વધારો થાય છે. તેની અસર આવક પર થાય છે અને આવક વધે છે. આવકમાં વધારો થતા લોકોને જીવનધોરણમાં સુધારો થાય છે. પરણામે કાર્યક્ષમતા, કાર્યદક્ષતા, વધતા લોકોની ઉત્પાદન કરવાની ક્ષમતામાં વધારો થયા છે અને સમગ્ર અર્થતંત્રનો વિકાસ શક્ય બને છે.

## ૨. મહિલાઓની સર્વાંગી વિકાસ

આજે પણ ગ્રામીણ મહિલઆઓની ગંભીર સમસ્યાઓ અને પ્રશ્નો આપણને જોવા મળે છે. મહિલાઓનો મોટો ભાગ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા માલુમ પડે છે. આ ક્ષેત્રમાં તેઓને અલ્પ રોજગારી અને તેમાં પણ નીચુ વેતન મળે છે. આ રીતે તેઓનું શોષણ થાય છે. ગ્રામીણ વિકાસ થતાં મહિલાઓની સ્થિતિમાં સુધારો થશે અને તેઓના સર્વાંગી વિકાસમાં ગ્રામીણ વિકાસ મહત્વનો ભાગ ભજવશે.

**૩. શ્રમ પ્રધાન પદ્ધતિનો ઉપયોગ**

ભારતમાં અતિ વસતી છે અને દેશનું અર્થતંત્ર વિકાસશીલ કે અલ્પ વિકસિત છે. મૂડીની અછત અને શ્રમની વિપુલતા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગ્રામીણ વિકાસની વ્યુહરચના ઘડવામાં આવે છે. આર્થિક વિકાસના કાર્યક્રમો ગ્રામીણ ક્ષેત્ર માટે એવા ઘડવામાં આવેલા છે કે જેમાં શ્રમની વધારે જરૂર હોય અને મૂડીની ઓછી આવશ્યકતા હોય. મનેરગા યોજના કે ગ્રામીક વિકાસની બીજી યોજનાઓના કાર્યક્રમો આ લક્ષ ધરાવે છે. કારણ કે તેમાં વધારે શ્રમ અને અલ્પ મૂડીની આવશ્યક્તા છે. ટૂંકમાં ગ્રામીણ વિકાસ દ્વારા શ્રમ વિપુલતાનો રોજગારીમાં અને ઉત્પાદનમાં આર્થિક વિકાસલક્ષી ઉપયોગ કરી શકાય છે. તેનું અતિ મહત્વ રહેલું છે તેમ કહી શકાય.

**૪. આયાત ઘટાડવા**

ગ્રામીણ વિકાસના વિવિધ કાર્યક્રમોથી ધિરાણ, રોજગારી અને ઉત્પાદનના સાધનો પ્રાપ્ય બને છે. આથી કૃષિ ઉત્પાદન અને વસ્તુઓનું ઉત્પાદન વધે છે. પરિણામે વિદેશમાંથી વસ્તુઓની – ખાદ્ય વસ્તુઓની આયાત કરવાની જરૂરિયાત રહેતી નથી અને કિંમતી વિદેશી હુંડિયામણની બચત કરી શકાય છે. ટૂંકમાં ગ્રામીણ વિકાસ થતાં કિંમતી વિદેશી હુંડિયામણની બચતમાં વધારો થાય છે.

**૫. ગ્રામીણ લોકોના કૌશલ્યનો ઉપયોગ કરવા**

ગ્રામીણ વિકાસ થતાં ગ્રામીણ કારીગરોના કૌશલ્યનો ઝડપી વિકાસ શક્ય બને છે. ગામડાના કારીગરોના કૌશલ્યનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવો હોય તો પ્રથમ ગ્રામીણ વિકાસ કરવો પડશે તે દ્રષ્ટિએ તેની આવશ્યક્તા છે.

**૬. વહીવટી સમસ્યાઓનો અભાવ**

ગ્રામીણ વિકાસ કાર્યક્રમોના સંચાલનની બહુ વધારે સમસ્યાઓ જોવા મળતી નથી. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની નીચે તાલુકા પંચાયત અને તેની નીચે ગ્રામ પંચાયત તેનું સંચાલન કરે છે. ગ્રામ પંચાયતમાં સરપંચ, પંચાયત અને તેની નીચે ગ્રામ પંચાયત તેનું સંચાલન કરે છે. ગ્રામ પંચાયતમાં સરપંચ, મંત્રી અને પંચાયતના સભ્યો તથા કર્મચારીઓ તેનો વહીવટ કરે છે. આથી વહીવટી અને સંચાલકિય પ્રશ્નોને મોટો અવકાશ રહેતો નથી.

**૭. ફુગાવાનું નિયંત્રણ**

ગ્રામીણ વિકાસથી લોકોની નાણાકીય આવકમાં વધારો થાય છે. રોજગારી અને ઉત્પાદન વધતા પણ આવક વધે છે. આવકમાં વધારો થતાં ખરીદ શક્તિ વધતા લોકોના ખર્ચમાં વધારો થતા વસ્તુઓ અને સેવાઓની માંગ વધે છે. ગ્રામીણ લોકોની સીમાંત વપરાશ વૃત્તી ઊંચી હોવાથી આ પ્રમાણે બને છે. બીજી બાજુ વસ્તુઓનું ઉત્પાદન તાત્કાલિક વધતુ ન હોવાથી ભાવ સપાટી વધતા ફુગાવાનું નિર્માણ થાય છે. પરંતુ ગ્રામીણ વિકાસ થતા અને ગામના આંતરમાળખાનો વિકાસ થતાં કૃષિ ઉત્પાદન તથા અન્ય

ISSN : 2321- 4708
July 2019, Year - 3 (39)
Paper ID : RRJ000048

ક્ષેત્રના ઉત્પાદનમાં ઝડપી વધારો શક્ય બનશે. આ ઉત્પાદન વૃદ્ધિનો ત્વરીત વલણો જ ફુગાવાના પરિબળને નિયંત્રિત કરશે. ટૂંકમાં ફુગાવાને સંકુચિત કરી શકાય છે.

**૮. વિકેન્દ્રિકરણના લાભો**

આયોજનના સમયગાળામાં કેન્દ્રિકરણનું પ્રમાણ ખૂબ વધેલું જણાય આવે છે. શહેરોના ઝડપી વિકાસ થયો છે અને ગામડાઓનો અલ્પ વિકાસ થયેલો છે. ગ્રામીણ વિકાસ થવાથી ગંદા વસવાટો, ગીચ વસવાટ, મોંઘવારી, પ્રદૂષણ જેવી શહેરી સમસ્યાના પ્રશ્નો આપમેળે હલ થઈ જશે. તે દ્રષ્ટિએ ગ્રામીણ વિકાસનું મહત્વ રહેલું છે.

**૯. મૂડી સર્જન**

ગ્રામીણ વિકાસ થતા ગ્રામ્ય ક્ષેત્રે ખેત ઉત્પાદન, બિનકૃષિક્ષેત્રે ઉત્પાદન વધશે. પરિણામે રોજગારી આવક અને ઉત્પાદનમાં ગ્રામીણ ક્ષેત્રે વધારો થતા મૂડી સર્જનના દરમાં વધારો થાય છે. ટૂંકમાં ગ્રામીણ વિકાસ મૂડી સર્જનના દરમાં વધારો લાવી શકે છે. બચત કરવાની શક્તિ, ઈચ્છા અને વૃત્તિમાં વધારો થતાં મૂડી રોકાણ અને મૂડી સર્જનના દરમાં વધારો હાંસલ કરી શકાય છે.

**૧૦. નિકાસમાં વધારો**

નવા-નવા આર્થિક સુધારાઓના અને વૈશ્વિકરણ તથા ઉદારીકરણના લાભો લેવા માટે નિકાસોમાં નોંધપાત્ર વધારો કરવો પડશે. પ્રાચીન સમયમાં ગ્રામીણ પેદાશોની દુનિયાભરમાં બોલબાલા હતી. આવી પરિસ્થિતિઓનું સર્જન આજે ફરી વખત કરી શકાય તેમ છે. પરંતુ તે ગ્રામીણ વિકાસથી જ શક્ય થઈ શકે તેમ છે. ગ્રામીણ કારીગરી, ખેતમજૂરો, ખેડૂતોને ગ્રામીણ વિકાસની સુવિધાઓ અને સગવડો મળતા ઉત્પાદનમાં અને રોજગારીમાં વધારો થાય છે. આથી કૃષિ ઉત્પાદન અને અન્ય ઉત્પાદનમાં વધારો થતા નિકાસ વધે છે.

**૧૧. ગ્રામ સ્વરાજ્ય**

ગાંધીજીએ ગ્રામીણ વ્યવસ્થા અને ગ્રાસ સ્વરાજ્યની કલ્પના કરી હતી. તે ગ્રામીણ વિકાસ દ્વારા જ આજે શકય બનેલ છે. કારણ કે ગ્રામીણ વિકાસ થતા કૃષિ ઉત્પાદન વધતા અને રોજગારી મળતા તથા સેવાઓનું સર્જન થતા સમગ્ર ગ્રામીણ સમાજનો વિકાસ શક્ય બને છે. આદર્શ, સ્વાવલંબી અને સ્વાયત ગ્રામીણ વ્યવસ્થા દ્વારા સાચા અર્થમાં ગ્રામ સ્વરાજ્યનું સ્વપ્ન સિદ્ધ થઈ શકે છે.

**૧૨. ગ્રામીણ આંતર માળખાકીય સુવિધાઓ વધારવા**

દેશમાં વિકાસની ગતિ ઝડપી બનાવવી હોય તો રાષ્ટ્રનું આંતરમાળખું વિકસિત હોવું જોઈએ. જો આંતરમાળખાનો સંપૂર્ણ વિકાસ થયો ન હોય તો દેશ સમૃદ્ધિ અને વિકાસમાં સફળતા પ્રાપ્ત કરી શકે નહી. શિક્ષણ, રસ્તાઓ અને વાહનવ્યવહાર, સંદેશા વ્યવહાર, વીજળી, તબીબી સુવિધાઓ, આરોગ્ય સુવિધાઓ, વનીકરણ અને સંરક્ષણ સુવિધાઓ, પાણી સંગ્રહ અને સિંચાઈની સુવિધાઓ, ગ્રામીણ બેંકો અને વિમા બેંક

વગેરેને આંતરમાળખાકીય સુવિધાઓ તરીકે ઓળખવામાં આવે છે. ગ્રામીણ વિકાસને પ્રાધાન્ય આપવાથી દેશમાં ગ્રામીણ ક્ષેત્રમાં આંતરમાળખાનો વિકાસ શક્ય બને છે. આ આંતરમાળખું વિકસિત હોય તો દેશમાં રોજગારીની તકોનું સર્જન થાય છે. બેકારોમાં ઘટાડો થાય છે. દેશમાં આર્થિક સમાનતા પ્રાપ્ત થાય છે. પ્રાદેશિક અસમાનતા પણ ઘટે છે. ખેતીક્ષેત્ર અને ઉદ્યોગક્ષેત્રના વિકાસનો આધાર આ આંતરમાળખા પર રહેલો છે. તેથી તેનો વિકાસ શક્ય બને છે. ટૂંકમાં સમગ્ર ક્ષેત્રનો વિકાસ થાય છે. અંતે ગ્રામીણ વિકાસથી આંતરમાળખાકીય સુવિધાઓ વધતા ખેતી, ઉદ્યોગ અને સેવાક્ષેત્રમાં ઉત્પાદન અને વિકાસ ઝડપી બનતા દેશની રાષ્ટ્રીય આવક વધે છે. રોજગારી વધે છે. ગરીબી અને બેકારી ઘટે છે. તે દ્રષ્ટિએ તેનું મહત્વ રહેલું છે.

**૧૩. સામાજિક માન્યતાઓ અને અંધશ્રદ્ધાઓ**

ભારતીય સમાજનું ગ્રામીણ સામાજિક માળખું તપાસતા ખ્યાલ આવે છે કે ગ્રામીણ સમાજ વહેમો, અંધશ્રદ્ધા, રૂઢિઓ, પ્રગતિ વિરોધી રિવાજો, અસ્પૃશ્યતા વગેરેમાં જ જકડાયેલ છે. જ્ઞાતિપ્રથા, સંયુક્ત કુટુંબ પ્રથા, ધાર્મિક માન્યતાઓ, અલ્પ શિક્ષણ, પુરૂષાર્થને બદલે પ્રારબ્ધને વિશેષ મહત્વ, ભૌતિક વાદને આધ્યાત્મિક વાદનો પ્રભાવ વગેરેના પરિણામે ગ્રામીણ વિકાસ રુંધાયો છે. ગ્રામીણ વિકાસ દ્વારા સામાજિક માળખાને અનુકૂળ બનાવવામાં આવે તો સામાજિક માન્યતાઓ અને અંધશ્રદ્ધામાં ઘટાડો થશે. લોકો નવું સ્વીકારશે. પરિશ્રમ, પહેલ વૃત્તિ, સાહસવૃત્તિ વગેરેમાં વધારો થતાં વિકાસ શક્ય બનશે તે દ્રષ્ટિએ મહત્વ રહેલું છે.

**૧૪. ભારતમાં ગ્રામીણ વિકાસની આવશ્યક્તા**

આયોજનના સમયગાળા દરમિયાન નોંધપાત્ર પ્રમાણમાં ઔદ્યોગિક અને આર્થિક વિકાસ થયો છે. ઔદ્યોગિક વૈવિધ્ય કારણે સ્વાવલંબન વધેલું છે. અવકાશ વિજ્ઞાન અણું શક્તિ વગેરે સારી પ્રગતિ સિદ્ધ કરી છે. તેમ છતાં દેશમાં ગ્રામીણ ગરીબી, ગ્રામીણ બેકારી, આર્થિક અસમાનતા જેવા ગંભીર પ્રશ્નો આજે પણ દૂર થઈ શક્યા નથી. જેનું મુખ્ય કારણ શહેરી ઉદ્યોગો તથા વિસ્તારોનો વિકાસ પ્રાધાન્ય અને શ્રમલક્ષી પદ્ધતિની ઉપેક્ષા છે. આથી રોજગારી માંગનારાઓની સંખ્યા અને નવી સર્જન થયેલ રોજગારીની તકો વચ્ચે તફાવત સર્જાતા બેકારી વધી છે. તેના પરિણામે ગરીબીનો પ્રશ્ન અતિ ગંભીર બન્યો છે. જેનો ઈલાજ ગ્રામીણ વિકાસમાં હોવાથી તેનું મહત્વ આંકવું જરૂરી બની જાય છે.

**૧૫. અન્ય દ્રષ્ટિએ મહત્વ**

ગ્રામીણ વિકાસનું મહત્વ કે આવશ્યક્તા કે અગત્યતા કે જરૂરિયાત અનેક રીતે રહેલ છે. વ્યાપારનો વિકાસ વ્યક્તિઓની આવક વૃદ્ધી, લઘુત્તમ જરૂરિયાતોની સગવડો, આર્થિક સત્તાના વિકેન્દ્રિયકરણ રહેઠાણની સમસ્યા હલ કરવા, શિક્ષણનો પ્રસાર કરવા, સ્વસ્થ સુવિધાઓ વધારવા, સામાજિક ઉત્થાન, જાતિ પ્રથાની સમાપ્તિ, સામાજિક મૂલ્યોની સ્થાપના, શહેરોની સમસ્યા હલ કરવા,

વસ્તીનું નિયંત્રણ કરવા, રાજકીય મૂલ્યોની સ્થાપના કરવા, ભ્રષ્ટાચાર ઘટાડવા વગેરે અનેક દ્રષ્ટિએ ગ્રામીણ વિકાસનું મહત્વ રહેલું છે.

ગ્રામીણ વિકાસના મહત્વના સંદર્ભમાં ડૉ. ડી. આર. મર્થક પોતાના વિચારોને એક લેખમાં આ પ્રમાણે પ્રગટ કરે છે તે મુજબ "આજે ગામડાના લોકો અનેક યાતનાઓથી પિડાઈ રહ્યા છે. જેમકે, ગરીબી, નબળુ આરોગ્ય, વરસાદ આધારિત ખેતી, પીવાના ચોખ્ખા પાણીની મુશ્કેલી વગેરે આ બધી સમસ્યાઓનો હલ ગ્રામીણ વિકાસ દ્વારા લાવી શકાય." આમ, ગ્રામ્ય ક્ષેત્ર કે સમાજ સમસ્યાઓથી ઘેરાયું હોય તો વીશ્વ વિકાસ હરોળમાં કદમ કઈ રીતે મીલાવી શકે ? તેની સ્વાભાવિક રીતે જ આ ક્ષેત્રના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ તેવું પ્રતિપાદિત આના પરથી થાય છે.

**:સંદર્ભ:**

**ડી.પી. ડોડીયા** (1991) જૂનાગઢ જિલ્લામાં ગ્રામીણ વિકાસ પરનો એક અભ્યાસ,સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ.

**એચ. એમ. ભટ્ટ** (2006) સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમની સૌરાષ્ટ્ર ગ્રામીણ વિસ્તાર પર અસર, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ.

**ડૉ. આમ્રપાલી મર્ચન્ટ** (2006) ગ્રામ વિકાસ અને ગરીબી, સરદાર પટેલ યુનિવર્સીટી.

**શૈલેશ દાદુભાઈ એ.** (2005) સમાજ કલ્યાણની વિવિધ યોજનાઓની સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ પરની અસરો, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ.

**પરમાર તૃપ્તિ ડી.** (2005) રાજકોટ જિલ્લાનો આર્થિક ઔદ્યોગિક વિકાસ તેના પ્રશ્નો અને ભાવી, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ.